સંકલિત બાળ વિકાસ યોજનામાં નાયબ નિયામક વર્ગ-૧ ની
તા.૦૧/૦૪/૨૦૨૦ ની સ્થિતિ દર્શાવતી કામચલાઉ પ્રવરતા
યાદી પ્રસિધ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક આઈસીડી-૧૦૨૦૨૦-૧૮૨-બ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯/૦૭/૨૦૨૦

વંચાણે લીધા –

1. મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૯/૦૩/૨૦૧૯ ના પરિપત્ર ક્રમાંક.આઈસીડી-૧૦૨૦૧૯-૧૮૨-બ-૧.
2. સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨/૦૧/૦૯ ના ઠરાવ ક્રમાંક.એસ.એન.આર/૧૦૨૦૦૮/૪૮૭૪૩૧/(૧) ગ-૫
3. સામાન્ય વહિવટ વિભાગના તા.૩૧/૦૧/૧૪ ના ઠરાવ ક્રમાંક.એસ.એન.આર./૧૦૨૦૦૮/૪૮૭૪૩૧/(૧)ગ-૫.

પરિપત્ર –

વંચાણે લીધેલ ક્રમાંક-૧ ના ઠરાવથી નાયબ નિયામક વર્ગ – ૧ (પગાર ધોરણ રૂ.૬૭૭૦૦ – ૨૦૮૭૦૦, પે મેટ્રીક્ષ લેવલ-૧૧)ના પગાર ધોરણમાં ફરજ બજાવતા અધિકારીઓની તા.૨૯-૦૧-૨૦૧૯ ની સ્થિતિએ આખરી પ્રવરતા યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

૨/- નાયબ નિયામક વર્ગ – ૧ તરીકેની ફરજ બજાવતા અધિકારીઓની તા.૦૧/૦૪/૨૦૨૦ ની સ્થિતિએ સંવર્ગમાં હોય તેવા તમામ અધિકારીઓનો સમાવેશ કરી તેઓની સંવર્ગમાં નિયમિત નિમણૂંકની તારીખને ધ્યાને લઈ નાયબ નિયામક વર્ગ – ૧ ની કામચલાઉ પ્રવરતા યાદી આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૩/- સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨/ ૦૧/ ૨૦૦૯ ના ઠરાવ સાથેના પરિશિષ્ટના ક્રમ(૧૦)(ગ) ની જોગવાઈ મુજબ સીધી ભરતીથી નિમણૂંક મેળવનારા અધિકારીઓ/કર્મચારીઓ જો નિયત સમય મર્યાદામાં હાજર થયા હોય તો, વહેલા હાજર થયેલા સીધી ભરતીના જુનિયર કર્મચારી/અધિકારીની તારીખ મોડા હાજર થયેલા સીનીયર કર્મચારી/અધિકારીને ક્રમાનુસાર પુન:નિર્ધારીત તારીખ તરીકે મળવાપાત્ર થાય છે. તદાનુસાર, પ્રવરતા ક્રમ-3 ઉપર વહેલા હાજર થયાની જુનિયરની તારીખ, મોડા હાજર થયેલા સીનીયર અધિકારી સુશ્રી અંકુરબેન પ્રણવકુમાર વૈદ્યને ક્રમાનુસાર પુન:નિર્ધારિત તારીખ તરીકે એનાયત કરવામાં આવે છે.

૪/- પ્રસ્તુત પ્રવરતા યાદી સંદર્ભે સંબંધિત અધિકારીશ્રીઓને હકિકતલક્ષી વાંધા/રજૂઆત હોય તો તેના આધાર-પુરાવા સહિત લેખિતમાં સ્પષ્ટ અને સંક્ષિપ્ત રજૂઆત પરિપત્રની તારીખથી દિન- ૩૦ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષા પટેલ)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦ – ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2) નિયામકશ્રી (આઈસીડીએસ) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦ – ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
3) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની કચેરી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જુનાગઢ, જામનગર, ભાવનગર.
4) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.
5) શ્રીમતી અંકુરબેન પી.વૈદ્ય વિભાગીય નાયબ નિયામક વર્ગ-૧, પ્રાદેશિક કચેરી, રાજકોટ
6) શ્રીમતી વાસવીબેન શ્યામલ સેનગુપ્તા, વિભાગીય નાયબ નિયામક વર્ગ-૧, પ્રાદેશિક કચેરી, સુરત
7) શ્રીમતી ઈલાબા આર.રાણા, નાયબ નિયામક વર્ગ-૧, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
8) શ્રીમતી પૂર્વીબેન કે.પંચાલ, નાયબ નિયામક વર્ગ-૧, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
9) સુશ્રી નેહાબેન બી.કંથારીયા, વિભાગીય નાયબ નિયામક વર્ગ-૧, પ્રાદેશિક કચેરી, વડોદરા
10) સુશ્રી ક્રિષ્નાબેન કે.વૈષ્નાણી, વિભાગીય નાયબ નિયામક વર્ગ-૧, પ્રાદેશિક કચેરી, અમદાવાદ
11) સુશ્રી દિશાબેન આર.ડોડિયા, નાયબ નિયામક વર્ગ-૧, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
12) શાખા સિલેક્ટ ફાઈલ.
13) નાયબ શાખા સિલેક્ટ ફાઈલ.

## –: પરિશિષ્ટ – ૧ :–

નાયબ નિયામક વર્ગ-૧ (પગાર ધોરણ રૂ.૬૭૭૦૦ (પે મેટ્રીક્ષ ૧૧) માં ફરજ બજાવતા અધિકારીશ્રીઓની તા.૦૧/૦૪/૨૦૨૦ ની સ્થિતિ દર્શાવતી કામચલાઉ પ્રવરતા યાદી

| પ્રવરતા ક્રમાંક | અધિકારી/કર્મચારીનું નામ | જન્મ તારીખ | અધિકારી/કર્મચારી જે વિભાગ/ કચેરીમાં ફરજ બજાવતા હોય તે વિભાગ/કચેરીનું નામ | ભરતીનો સ્ત્રોત (સીધી ભરતી/ બઢતી/ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે બઢતીથી નિમાયેલ હોય તેનો પ્રકાર) | બઢતીથી નિમાયેલા/ અધિકારી/ કર્મચારીના કિસ્સામાં નીચેના સંવર્ગની પ્રવરતા યાદીમાનો ક્રમ | સંવર્ગમાં ખરેખર નિમણૂંક ની તારીખ | નિમણૂંકની સંભાવ્ય તારીખ (Deemed date)/ પુનઃ નિર્ધારીત તારીખ (Readjusted date) | બિન અનામત/ અનુસુચિત/ જનજાતિ/ અનુસુચિત જાતિ/ સા.શૈ.પ. વર્ગ/વિકલાંગ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| ૧ | સુશ્રી અંકુરબેન પ્રણવકુમાર વૈદ્ય | 29-01-1976 | મહિલા અને બાળ વિકાસ વિભાગ | સીધી ભરતી | એસ -1 | 18-08-2018 | 04-08-2018 | જનરલ | અજમાયશી |
| ૨ | સુશ્રી વાસવીબેન શ્યામલ સેનગુપ્તા | 01-12-1968 | મહિલા અને બાળ વિકાસ વિભાગ | સીધી ભરતી | એસ -2 | 04-08-2018 | - | જનરલ | અજમાયશી |
| ૩ | શ્રીમતી ઈલાબા રાજેન્દ્રસિંહ રાણા | 18-04-1969 | મહિલા અને બાળ વિકાસ વિભાગ | સીધી ભરતી | એસ -3 | 04-08-2018 | - | જનરલ | અજમાયશી |
| ૪ | શ્રીમતી પૂર્વીબેન કુંતલ પંચાલ | 05-12-1977 | મહિલા અને બાળ વિકાસ વિભાગ | સીધી ભરતી | એસ -1 | 05-09-2019 | - | જનરલ | અજમાયશી |
| ૫ | સુશ્રી નેહાબેન બી.કંથારીયા | 26-05-1983 | મહિલા અને બાળ વિકાસ વિભાગ | સીધી ભરતી | એસ -2 | 05-09-2019 | - | જનરલ | અજમાયશી |
| ૬ | સુશ્રી ક્રિષ્નાબેન કેલ્વીન વૈષ્ણાણી | 20-04-1987 | મહિલા અને બાળ વિકાસ વિભાગ | સીધી ભરતી | એસ -3 | 05-09-2019 | - | જનરલ | અજમાયશી |
| ૭ | સુશ્રી દિશાબેન આર. ડોડિયા | 16-12-1988 | મહિલા અને બાળ વિકાસ વિભાગ | સીધી ભરતી | એસ -4 | 09-09-2019 | - | SEBC | અજમાયશી |

(મનીષા પટેલ)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ